




## સ્કૂલ ઓફ અચિવરમાં યોજાયો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના કુડાસણમાં આવેલી સ્કૂલ ઓફ અચિવર ખાતે તાજેતરમાં 'કલર્સ ઓફ અચિવર' ના થીમ પર વાર્ષિકોત્સવ યોજાઈ ગયો. તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ ગુજરાતી મીડિયમનો કાર્યક્રમ માધ્યમિક શિક્ષણ બોર્ડ(પરીક્ષા)ના નાયબ નિયામકશ્રી વિનયગીરી ગોસાઈના મુખ્ય મહેમાન પદે ઊર્જાસભર માહોલમાં યોજાયો હતો.

તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ અંગ્રેજી મીડિયમનો કાર્યક્રમ પ્રાથમિક શિક્ષણ નિયામક શ્રી આર.સી.રાવલના મુખ્ય મહેમાનપદે તથા ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ.એમ.બારડના અતિથિવિશેષ પદે યોજાયો હતો. સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ તથા ચેરમેનશ્રી વિનોદભાઈ પટેલ બન્ને કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

બન્ને મીડિયમના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ થીમ આધારિત વિવિધ ડાન્સ, એકાંકી, સ્કીટ તથા લોકસંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત વગેરેમાં ભાગ લઈ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરતું પરફોર્મન્સ મંચ પર કર્યુ હતું. મંચ પર યોગા-કરાટે તથા સ્કેટિંગનું પરફોર્મન્સ કરનાર વિદ્યાર્થીઓને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. કાર્યક્રમ અંતર્ગત એકેડેમિક અને એક્ટિવિટી ક્ષેત્રે વર્ષભર શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મેનેજિંગ ટ્રસ્ટીશ્રી પ્રજ્ઞેશભાઈ પટેલે કાર્યક્રમમાં સ્કૂલના સેવક કર્મચારીમિત્રો, એડમિન સ્ટાફ તથા શિક્ષકમિત્રોને ઉચ્ચ પ્રદાન બદલ મંચ પર આમંત્રિત કરી નવાજ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શ્રી દિલીપ લિંબાચિયા, શ્રી હાર્દિક પટેલ તથા શ્રી પ્રશાંત પટેલે કર્યુ હતું.

## પાટનગર યોજના ભવનના ડેપ્યુટી ઈજનેર ૧૫ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર પાટનગર યોજના ભવન સબ ડિવિઝન ૭ના ડેપ્યુટી ઈજનેરે ફરિયાદી પાસે બિલ પાસ કરાવવા લાંચની માંગણી કરતા આજે ડે. ઈજનેર એ.સી.બી.ના છટકામાં આવી ગયો હતો અને એ.સી.બી.ની ટીમે તેને રંગેહાથ રૂ. ૧૫ હજારની લાંચ લેતા ઝડપી પાડ્યો હતો અને તેના વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદ શહેરના મેમનગર ખાતે આશિયાન એપાર્ટમેન્ટમાં લલીતકુમાર કાન્તીલાલ દવે રહે છે અને સરકારી કોલોનીના રીપેરીંગ કામ માટે એજન્સી ચલાવે છે. દરમિયાન પોતાના કામના બિલ માટે નાણા લેવા માટે ગાંધીનગર પાટનગર યોજના ભવનમાં સ્થિત સબ ડિવિઝન-૭માં ડે. ઈજનેર એચ.એચ. ગજ્જરને કામના બિલો રજૂ કર્યા હતા. આથી ડે. ઈજનેર ગજ્જરે બિલ મંજુર કરી આપવા એજન્સીવાળા લલીત પાસે રૂ. ૧૫ હજારની લાંચની માંગણી કરી હતી. જેની જાણ એજન્સીવાળાએ અમદાવાદ એ.સી.બી.ને કરતા પી.આઈ. પી.એ. આર્યાએ આખુ છટકુ ગોઠવી ડે. ઈજનેર એચ.એચ. ગજ્જરને લાંચની રકમ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા અને તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યાહી હાથ ધરી છે.

## કિસાનો માટે ગુજરાત રાજ્યનું બજેટ નિરાશાજનક : અંબાલાલ ઉપાધ્યાય

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય ચાલુ વર્ષ કૃષિ અને કિસાન વર્ષ તરીકે ઉજવી રહેલ છે. ત્યારે કિસાનોએ સ્વભાવિકપણે અપેક્ષા સેવેલી કે રાજ્ય સરકાર બજેટમાં કિસાનોને ઉપયોગી તેમજ આર્થિક હીતના પગલા લેશે. પરંતુ તે અપેક્ષા ઠગારી નીવડી છે. દેશના અન્ય કોઈ રાજ્યમાં નથી તેઓ રાસાયણિક ખાતર ઉપરનો પાંચ ટકા ટેક્ષ વસુલે છે. તે અસહ્ય મુજબ છે. જેને નાબુદ કરવા કિસાનોની માંગણી ઠુકરાવી છે. કેનાલની સિંચાઈના અગાઉ દરેક પાકવાર ભાવ હતા તેમાં ફેરફાર કરી દરેક એક પિયત ઉપર હેકટરના ભાવ કરેલ છે. તેમાંથી પિયતના ભાવોમાં પ ગણો વધારો થઈ ગયો છે. તે ભાવો પરત કરવા કિસાનોની ન્યાયી માગણી સ્વીકારાઈ નથી. કૃષિ વીજળી પર હોર્સપાવર પર ભાવ હતા તે બંધ કરી મીટર પ્રથા દાખલ કરી બમણા કરાયા છે. તે કિસાનો માટે અસહ્ય બાબત છે. ખેત ઉત્પાદનના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતા નથી કારણ કે બજાર સમિતિઓમાં વેપારીઓ ગઠબંધન કરી નીચા ભાવે ખેડૂતોને માલ લઈ લે છે ત્યારે સરકારે દરેક બજાર સમિતિઓમાં પોષણક્ષમ ભાવ ખરીદ કેન્દ્રો શરૂ કરવા જોઈએ. અને તે વ્યવસ્થા સહકારી સંસ્થાઓને સોંપવા જોઈએ. કૃષિધિરાણ ઉપર કેન્દ્ર સરકારે ૨ ટકા વ્યાજમાં સબસીડી આપી છે. બાકીનું વ્યાજ ગુજરાત સરકારે આપવુ જોઈએ જેથી ખેડૂતોને રાહત થાય. ગામડાઓમાં ગ્રામ પંચાયત સ્ટ્રીટલાઈટ સોલારથી ચલાવાય તો વીજળીની બચત થાય તે વીજળી કૃષિમાં ફાળવી શકાય તે મુજબનું નિવેદન પૂર્વ ધારાસભ્ય અને સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અંબાલાલ ઉપાધ્યાયે કર્યુ હતુ.


(તસવીર : કશ્યપ નિમાવત)

### શહેરમાં વિવિધ સ્થાનો પર ઉકાળાનું વિતરણ

ઈન્ડિયન રેડક્રોસ ગાંધીનગર બ્રાન્ચ દ્વારા સ્વાઈન ફલુના રોગ સામે રક્ષણ મેળવવા ૩જી માર્ચ સવારે ૮ વાગે ચૌધરી કોલેજ, રંગોલી સ્કુલ સે-૬ ખાતે ૯ વાગ્યે તેમજ ૪ માર્ચના રોજ બુધવારે સેકટર-૫ પ્રેરણા વિદ્યાલય ખાતે સવારે ૯ થી ૧૦ અને રંગોલી સ્કુલ સે-૨૨ અને મહિલા સિવણ કલાસ સેકટર-૨૨ ખાતે સવારે ૧૦ થી ૧૨ દરમિયાન ઉકાળાનું વિતરણ રાખવામાં આવેલ છે. જેનો નગરજનોને લાભ લેવા અનુરોધ છે. તારીખ ૭મી માર્ચ સવારે ૧૦ થી ૧૨ દરમિયાન શનિવારે અડાલજ શનિ મંદિરે ઉકાળાનું વિતરણ કરવામાં આવશે.

### બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટીવેશન કાર્યક્રમ યોજાયો

સેકટર-૫ પ્રેરણા સ્કુલમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટીવેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ ડર વિના પરીક્ષા આપી જવલંત સફળતા મેળવે તે માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગાંધીનગર સેકટર-૫ સ્થિત પ્રેરણા સ્કુલમાં બોર્ડની પરીક્ષાને લઈને ધોરણ-૧૦, ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રેરણા વિદ્યાલય અને સરસ્વતી વિદ્યાલય દ્વારા મોટીવેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સે-૧૨ રાજપૂત સમાજ ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં મોટીવેટર મૌલિક સોનીએ વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો આપી મોટીવેટ કર્યા હતા. કાર્યક્રમમાં કરણસિંહ વાઘેલાએ દ્રઢ સંકલ્પ શકિતનું મહત્વ સમજાવ્યું હતું.

### માતૃભાષામાં શિક્ષણ પર સહચિંતન કરવામાં આવશે

અરૂણોદય સેવા ટ્રસ્ટ ગાંધીનગર માતૃભાષામાં શિક્ષણ પર સહચિંતન કરતો કાર્યક્રમ યોજશે. ૪થી માર્ચ બુધવારના રોજ સાંજે ૪.૪૫ વાગે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ સે-૧૭ ખાતે કાર્યક્રમ યોજાશે. સહ ચિંતન કાર્યક્રમમાં ઓ.પી. કોહલી રાજયપાલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા-શિક્ષણમંત્રી, આચાર્યશ્રી ઘનશ્યામદાસજી, ભુવનેશ્વરી શકિતપીઠ, ડૉ. ભદ્રાયુ વછરાજાની, વલ્લભભાઈ પટેલ અધ્યક્ષ કડી વિશ્વ વિદ્યાલય, ડૉ. વીણાબેન પટેલ, ડીન - કડી સર્વ વિદ્યાલય ઉપસ્થિત રહેશે.

### યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ-કમિશનરે ચાર્જ સંભાળ્યો

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા વય મર્યાદાથી નિવૃત્ત થયા છે. તેમના સ્થાને નિમણુંક થયેલ શ્રી મનિષ ભારદ્વાજે સચિવ તરીકેનો ચાર્જ સંભાળી લીધો છે. યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના કમિશનર પદે રહેલા શ્રી કે. એમ. ભીમજીયાણીની બદલી ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે થતાં તેમના સ્થાને નિમણુંક પામેલ શ્રી ડૉ. નેરન્દ્રકુમાર મીનાએ વિધીસરનો ચાર્જ સંભાળી લીધો છે.

## વસંતોત્સવમાં હસ્તકલા હાટનું મુલાકાતીઓમાં ભારે આકર્ષણ

### મારૂતિ ઝુલા ખુરશીના ઉપયોગથી અનેક રોગોમાં રાહત : નાળિયેળના છોતામાંથી અનેક ઈકો-ફ્રેન્ડલી આર્ટિકલ્સ : રેશમના દોરા હાથેથી ગુંથીને બનાવેલા ઘરેણા ઈન-ડીમાન્ડ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં હાલ સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ-૨૦૧૫ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. દેશભરના લોકનૃત્યો અને હસ્તકલાની અવનવી ચીજવસ્તુઓ માટે પ્રખ્યાત આ વસંતોત્સવમાં મુલાકાતીઓનો ઘસારો વધી રહ્યો છે. દર વર્ષની માફક આ વર્ષે પણ વસંતોત્સવમાં હસ્તકલા હાટમાં વેચાતી ઈકો ફ્રેન્ડલી ચીજવસ્તુઓ ખરીદવા મુલાકાતીઓમાં ભારે ઉત્સાહ જણાય છે.

હસ્તકલા હાટમાં હાથ બનાવટના માટીના અને ધાતુના કલાત્મક વાસણો, વિવિધ ઓર્નામેન્ટ્સ, તૈયાર કપડા અને ડ્રેસ મટીરીયલ્સ, શોપીસ આર્ટિકલ્સ, મેજીકલ ચેર, રમકડાં, ઘરવપરાશની ચીજવસ્તુઓ, કિચેઈન્સ, બુટ-ચંપલ-મોજડીઓ અને ખાણી-પીણીની અનેક વાનગીઓ મળી રહી છે. રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો વચ્ચે હસ્તકલા હાટનો સુભગ સમન્વય વસંતોત્સવને ખરા અર્થમાં સાર્થક કરી રહ્યો છે. ગાંધીનગર સમાચારની ટીમે આ હસ્તકલા હાટની મુલાકાત લઈ કેટલીક નવીન અને ઉપયોગી ચીજવસ્તુઓ બનાવી વેચતા કારીગર કે સ્ટોલ ધારક સાથે વાતચીત કરી હતી જે અત્રે પ્રસ્તુત છે.

● શંકરભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૭૩ વર્ષ)

સતત ૪થા વર્ષે વસંતોત્સવમાં ભાગ લેનાર કલોલ તાલુકાના ડીંગુચાના શંકરભાઈ પ્રજાપતિએ મારૂતિ ઝુલા ખુરશીનું ઈન્વેન્શન કર્યુ છે, આ માટે



તેમને પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામના હસ્તે આઈઆઈએમ અમદાવાદ દ્વારા ઈનોવેશન એવોર્ડથી સન્માનવામાં આવેલા છે. તેમણે વિકસાવેલ મારૂતિ ઝુલા ખુરશી પહેલી નજરે તો હિંચકા જેવી સામાન્ય ખુરશી જ જણાય છે. પરંતુ તેઓ આ ખુરશી એક મેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટ હોવાનો દાવો કરે છે. આ ખુરશીને હેલ્થ કેર ચેર ગણવાના તેઓ તેના ઉપયોગથી હાર્ટએટેક, બી.પી., લકવો, હરસ-મસા-ભગંદર, વા-કળતર, ગેસ, બ્રેઈન સ્ટ્રોક, મણકાની ગાદી ખસી જવી, મેદસ્વિતા જેવા અનેક રોગોમાં રાહત મળી રહે છે. વળી, સગર્ભા સ્ત્રીઓ પણ ખુરશીના ઉપયોગ કરે તો ડિલીવરી નોર્મલ થાય છે તેવો શંકરભાઈનો દાવો છે. આ ખુરશીની ખાસિયત એ છે કે તેને ફોલ્ડીંગ કરીને કાર કે બાઈક પર લઈ જવાય છે. આ ખુરશીને અનેક ટીવી ચેનલો દ્વારા પણ દર્શાવાઈ ચુકી છે. ખુરશી પર ૧૩૦ કિલો સુધીની વ્યક્તિ ઝુલી શકે છે. અને તેને ઝુલાવવા પગની એડી તથા ઢીંચણનો ઈશારો જ કાફી છે.

● લક્ષ્મી જોષી

ગાંધીનગરમાં પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ચલાવતા લક્ષ્મી જોષી નાળિયેરના છોતાંના રેસામાંથી અનેક ઉપયોગી વસ્તુઓએ બનાવે છે. અને તેના થકી અનેક જરૂરિયાતમંદ મહિલાઓને રોજગારી પણ પુરી પાડે છે. ગ્રામ્ય વિસ્તારની શ્રમિક મહિલાઓને તેઓ આ બનાવટ અંગેની તાલીમ પુરી પાડે છે, જરૂરી રો-મટીરીયલ્સ પુરૂ પાડે છે. અને તેમના દ્વારા તૈયાર કરાયેલ ચીજવસ્તુઓને વિવિધ પ્રદર્શનો, મેળાઓ અને હસ્તકલા હાટ વગેરે દ્વારા વેચાણ કરી રોજગારી રળી આપવામાં મદદરૂપ થાય છે. હિન્દુ સંસ્કૃતિમાં નાળિયેરનું ખુબ મહત્વનું સ્થાન છે અને દરેક ઘરે




વારંવાર નાળિયેરનો ઉપયોગ કરતો હોય છે. જો કે સામાન્ય રીતે આ નાળિયેરના છોતાં આપણે ફેંકી દેતા હોઈએ છે. આ જ નકામા ગણાતા છોતાઓના રેસાઓમાંથી લક્ષ્મીબેન અને તેમના મહિલા કારીગરો કલાત્મક વસ્તુઓ બનાવે છે. જેમાં પગ લુછણીયા, કળશ, ચંપલ, કિ-ચેઈન તેમજ શો પીસમાં વિવિધ ડીઝાઈનના ગણેશજી, હાથી, ઘોડા, રાધા-કૃષ્ણ અને શંકર-પાર્વતી સહિતના અનેક આર્ટિકલ્સનો સમાવેશ થાય છે. તેમની આ પ્રોડક્ટમાં ક્યાંય કેમિકલ્સનો ઉપયોગ થતો નથી. તેથી તેઓ તેને 'ઈકો ફ્રેન્ડલી' ગણાવે છે. આ કાર્ય તેઓ છેલ્લા સાત વર્ષથી કરી રહ્યા છે. તેમની આ ચીજવસ્તુઓની વસંતોત્સવમાં ખુબ માંગ રહે છે. જેમાં ગણેશજીની કલાકૃતિ સૌથી વધુ લોકપ્રિય છે. હવે તો અનેક લોકો લગ્ન કે વાસ્તુ પ્રસંગે ગણેશ સ્થાપના માટે તેમના આ ઈકો-ફ્રેન્ડલી ગણેશજી જ લઈજાય છે.

● મેઘના સોની (અમદાવાદ)

આ વખતે વસંતોત્સવમાં પ્રથમવાર જ ભાગ લેનાર અમદાવાદના મેઘના સોની મુલાકાતીઓના ઉષ્માપૂર્ણ પ્રતિભાવથી ખુશ છે. તેઓ રેશમી રંગીન દોરાઓને હાથેથી ગુંથીને સરસ મજાના ઈકો-ફ્રેન્ડલી ઘરેણાં બનાવે છે જે વસંતોત્સવમાં નવી જ પ્રોડક્ટ તરીકે ખુબ આવકાર પામી રહ્યા છે. મેઘના સોનીના મતે ઘણા લોકોને ઈમિટેશન જ્વેલરી કે અન્ય મીક્સ ધાતુની જ્વેલરીની એલર્જી થતી હોય છે. તેવા સમયે તેમની વજનમાં ખૂબ હળવા, આકર્ષક રંગોમાં અવનવી ડીઝાઈન સાથેની ઈકો ફ્રેન્ડલી ઘરેણાં ખૂબ પસંદ કરાય છે. અનેક મહિલાઓ નવીન વસ્તુ તરીકે તેની ખરીદી કરે છે અને એકવાર પહેર્યા પછી તેને પસંદ કરવા લાગે છે. આ ઘરેણા ધોઈ શકાય તેવા, વજનમાંતદન હલકા અનેરેશમી દોરાઓથી બનેલા



હોવાથી ચામડીના રોગો કે એલર્જી ધરાવતી મહિલાઓ માટે અનુકૂળ હોય છે. ઘણી મહિલાઓને વજનદાર બુટ્ટી કે એરિંગ્સ પહેરવાથી કાન ખેંચાઈ જવાની સમસ્યા થતી હોય છે તેમના માટે આ ઘરેણાં ખૂબ જ લાભદાયી નીવડે છે. તેઓ દોરાઓને હાથેથી ગુંથીને બુટ્ટી, પેડન્ટ, બક્કલ, બંગડીઓ, ટીકા અને સેટ બનાવે છે. અને અગત્યની નોંધપાત્ર બાબત તો એ છે કે આ તમામ જ્વેલરી બનાવવાનું તેમણે ઈન્ટરનેટ દ્વારા શીખ્યું છે.

● કમળાબેન અને દીપાબેન

બાપુનગરથી આવેલા આશરે ૬૫ વર્ષીય કમળાબેન અને તેમના દીકરી દીપાબેન દ્વારા વસંતોત્સવના હસ્તકલા હાટમાં સુતરાઉ કાપડના રેડીમેઈડ લેડીઝ ડ્રેસ, કુર્તી અને અન્ય પોષાકનું વેચાણ કરે છે. આ તમામ કપડાં તેઓના પરિવાર



દ્વારા બનાવાય છે. અને તેઓ લગભગ દરેક સરકારી પ્રદર્શનોમાં અને મેળાઓમાં ભાગ લઈ તેનું વેચાણ કરે છે. આ કપડાંમાં તેઓ ઈકો ફ્રેન્ડલી રંગોનો ઉપયોગ કરે છે અને ખૂબજ વ્યાજબી ભાવે ઓછા નફાના માર્જીનથી વેપાર કરે છે. દર વર્ષે વસંતોત્સવમાં આવતા કમળાબેન અનેક મુલાકાતીઓથી પરિચિત બની ચુક્યા છે અને સંસ્કૃતિકુંજમાં આવવુ તેમને ખુબ ગમે છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૧

સૂર્યાસ્ત : ૬.૪૪

### તાપમાન

મહત્તમ : ૨૫.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૮ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૫ ટકા ● સાંજે ૫૩ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :

અબ તક-૫૬ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૨ :

દમ લગા કે હૈસા : ૧૧.૩૦, ૪.૩૦, ૧૦.૦૦

જો બકા : ૨.૦૦, ૭.૦૦

સ્કીન-૩ :

જો બકા : ૧૧.૦૦

દમ લગા કે હૈસા : ૧.૩૦, ૭.૦૦

બદલાપુર : ૪.૦૦, ૯.૩૦

**સિટીપલ્સ**

: સ્કીન-૨ :

બદલાપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :

બદલાપુર : ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦

રોય : ૧૦.૦૦

સ્કીન-૪ :

રોય : ૧૦.૦૦

ષમિતાભ : ૧.૦૦, ૧૦.૦૦

બેબી : ૩.૪૫

સનડામારુથમ (તમિલ) : ૭.૦૦

સ્કીન-૫ :

બદલાપુર : ૧૦.૦૦

રોય : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫

બેબી : ૯.૪૫

### આપની આજ

**મેષ** : પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે. દરેક ક્ષેત્રમાં સન્માન પ્રાપ્ત થશે. વાહન ચલાવતી વખતે સાવચેતી રાખો. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : તમારા કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ-પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે.

**મિથુન** : વ્યવસાયિક યોજનાઓનો અમલ થશે. પારિવારિક વાતાવરણ સહયોગાત્મક રહેશે. કાર્યક્ષમતા વધશે. જવાબદારીઓ વધશે, જેની પૂર્તિ કરવી પડશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક** : ધૈર્યને કારણે તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થઈ જશે. આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

**સિંહ** : યશ, ઉત્સાહ વધશે. પ્રયાસ સાર્થક થશે. ધાર્મિક કાર્યોમાં રૂચી વધશે. શુભ સમાચાર પ્રાપ્ત થશે. સંતાનના વ્યવહારથી સમાજમાં તમારી પ્રતિષ્ઠામાં કમી આવી શકે છે.

**કન્યા** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ. કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : વ્યાપારમાં લાભની સ્થિતિ બનશે. સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયો પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે.

**વૃશ્ચિક** : સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થશે. ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : માનસિક અસંતોષને કારણે નવી યોજનાઓમાં વિલંબ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**મકર** : કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે.

**કુંભ** : આમોદ- પ્રમોદના અવસર મળશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.